# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

પરિપત્ર : –

**વિષય: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં વેકેશન જાહેર કરવા તેમજ ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૧૯-૨૦ની વિવિધ પરીક્ષાઓ અને નવા શૈક્ષણિક સત્ર: ૨૦૨૦-૨૧ બાબત**

સંદર્ભ: શિક્ષણ વિભાગના પરીપત્ર ક્રમાંક:પરચ/૨૦૧૮/૬૧/ ખ–૧ તા.૧૩/૦૪/૨૦૨૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રનાં વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા તમામ અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને જણાવવાનું કે નોવેલ કોરોના વાઇરસ COVID-19 કે જેને WHO ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાઇરસ COVID-19નાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી ૨૧ દિવસ સુધી એટલે કે તા: ૧૪/૦૪/૨૦૨૦ સુધી સરકારશ્રી ધ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ હતું જેથી યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ સંપૂર્ણ રીતે બંધ રહેલ હતી.

શિક્ષણ વિભાગ ધ્વારા નોવેલ કોરોના વાઇરસ COVID-19ની મહામારીની પરિસ્થિતિ ધ્યાને લઈ સરકારશ્રીનાં ઉક્ત સંદર્ભિત પત્રથી સરકારી યુનિવર્સિટીઓ અને સંલગ્ન કોલેજો માટે તા: ૧૫/૦૪/૨૦૨૦ થી તા: ૧૬/૦૫/૨૦૨૦ (બંને દિવસો સામેલ ગણી) **વેકેશન જાહેર કરવામાં આવેલ છે** જે મુજબ યોગ્ય કાર્યવાહી/અમલવારી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં શૈક્ષણિક વર્ષ:૨૦૧૯-૨૦ની વિવિધ પરીક્ષાઓ યોજવા અંગે તેમજ નવા શૈક્ષણિક સત્ર વર્ષ: ૨૦૨૦-૨૧ અંગે UGC નું માર્ગદર્શન તથા રાજ્ય સરકારશ્રીનાં માર્ગદર્શન મળ્યા બાદ આગળની પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવામાં આવશે. વૈશ્વિક મહામારીને લક્ષમાં લઇ યુનિવર્સિટી/કોલેજોના તમામ કર્મચારીઓને ટેકનોલોજીનાં માધ્યમથી સંસ્થાનાં વડા સાથે જોડાઈ રહેવા સૂચના આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત જે કોઈ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે તેનું તમામ સંચાલકો/અધ્યાપકો/કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કા.કુલસચિવ

નં. : બીકેએનએમયુ/રજી./૧૯૩/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૧૩/૦૪/૨૦૨૦

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,પી.જી. સેન્ટરના વડાશ્રીઓ અને અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...

**નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે :–**
૧.એકેડેમિક ઓફીસર (ઓએસડી)
૨.પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
૩.અનુસ્નાતક ભવનોના તમામ અધ્યક્ષશ્રીઓ તરફ...
૪.મહેકમ વિભાગ
૫.આઈટી સેલ

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ
માટે વેકેશન જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૩/૦૪/૨૦૨૦

<u>સંદર્ભઃ-</u> શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૩/૦૭/૨૦૧૯ પરિપત્ર

<u>પરિપત્રઃ-</u>

વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા.૦૩/૦૭/૨૦૧૯ ના સરખા ક્રમાંકના પરિપત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે કોમન એકેડેમિક કેલેન્ડર મેડિકલ અને ફાર્મસી અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમોમાં અમલમાં મુકવામાં આવેલ છે. આ કેલેન્ડર મુજબ સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે તા. ૨૫/૦૪/૨૦૨૦ થી તા.૧૩/૦૬/૨૦૨૦ સુધી ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે.

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે અને આ આકસ્મિક પરિસ્થિતિને ધ્યાને લઇને તકેદારીના પગલાંરૂપે રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાતમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયત્ત સંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સુચનાઓ શિક્ષણ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦/૧૫૧(૨)/વ-૨ થી બહાર પાડવામાં આવેલ છે. વધુમાં માન.વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્રને કરાયેલ ઉદબોધનથી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે અને છેલ્લા ૨૫ દિવસથી શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણ રીતે બંધ છે.

આ સંબંધે યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે ઉપર જણાવેલ સમયગાળા દરમ્યાન યુનિવર્સિટીઓ/કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં

આવેલ છે પરંતુ તેના કારણે વર્ષ ૨૦૧૯-૨૦ની પરીક્ષાઓ હજી પૂર્ણ થયેલ નથી. આ પરીક્ષાઓ યોજવા અંગે UGC તથા AICTE નું માર્ગદર્શન મળ્યેથી તે પ્રમાણે પરિસ્થિતિને અનુકૂળ નિર્ણય લેવામાં આવશે.

દરમ્યાનમાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઇને તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૧૬/૦૫/૨૦૨૦ સુધી ( *બંને દિવસો સામેલ ગણીને* ) તમામ સરકારી યુનિવર્સિટી અને તેને સંલગ્ન સરકારી, ખાનગી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો માટે વેકેશન જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટે.શિ.), સચિવાલય, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એડવાઈઝરશ્રી, કે.સી.જી, નવરંગપુરા, અમદાવાદ
- સીલેક્ટ ફાઇલ